# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 2-9-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, ભારે વરસાદથી અસરગ્રસ્ત આંધ્રપ્રદેશ અને તેલંગાણાને કેન્દ્ર સરકાર તરફથી જરૂરી તમામ સહાયની ખાતરી આપી છે.
- ✓ કલકત્તામાં તાલીમાર્થી ડૉક્ટરના દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં ચાલી રહેલા પ્રદર્શનમાં બંગાળી ફિલ્મ ઉદ્યોગના કલાકારો પણ ન્યાય રેલીમાં જોડાયા
- ✓ પેરાઓલમ્પિક 2024માં ભારતે અત્યાર સુધી એક સુવર્ણ સહીત સાત ચંદ્રકો જીત્યા, ગુજરાતના ભાવિના પટેલ ટેબલ ટેનિસના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યાં
- ✓ મલેશિયામાં ચાલી રહેલી તુઆંકુ મુહરિઝ ટ્રોફી 2024 સ્ક્વોશમાં, ભારતના અભય સિંહે PSA ટૂર ટાઇટલ પોતાના નામે કર્યું
- ✓ ભારતીય હવામાન વિભાગે દેશના પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.PM - AP & TELANGANA CM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના રાજયમાં ભારે વરસાદને પગલે, બંને રાજ્યના મુખ્યમંત્રીઓને, કેન્દ્ર સરકાર તરફથી જરૂરી તમામ સહાયની ખાતરી આપી છે. શ્રી મોદીએ ભારે વરસાદ અને પૂરને પગલે આંધ્રપ્રદેશના એન. ચંદ્રબાબુ નાયડુ અને તેલંગાણાના એ. રેવન્ત રેડ્ડી સાથે ફોન પર વાતકરી હતી. હૈદરાબાદ સહિત તેલંગાણાના ઘણા ભાગોમાં ગઈકાલે પણ ભારે વરસાદ ચાલુ રહ્યો હતો. હૈદરાબાદ જિલ્લા કલેક્ટરે વધુ વરસાદના પગલે તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ બંધ રાખવામાં જાહેરાત કરી હતી.

આંધ્રપ્રદેશમાં છેલ્લા બે દિવસમાં મુશળધાર વરસાદે અનેક સ્થળોએ જનજીવનની અસર કરી છે ખાસ કરીને વિજયવાડા અને આસપાસના વિસ્તારોમાં, જ્યારે રાજ્યભરમાંથી 17 હજાર વરસાદથી પ્રભાવિત લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા હતા. તેલંગાણા અને આંધ્ર પ્રદેશમાં પૂર રાહત અને બચાવ કામગીરી માટે 26 NDRFની ટીમ તૈનાત કરવામાં આવી રહી છે. જ્યારે બે રાજ્યોમાં NDRFની 12 ટીમ પહેલેથી જ તૈનાત છે અને વધુ 14 વધુ મોકલવામાં આવી રહી છે.

NDRFની ટીમો મૂળભૂત સાધન અને તબીબી સહાયથી સજ્જ છે. દક્ષિણ મધ્ય રેલ્વે નેટવર્ક પર અનેક સ્થળોએ ભારે વરસાદ અને ટ્રેક પર પાણી ભરાવાને કારણે 99 જેટલી ટ્રેનો રદ કરવામાં આવી હતી, ચાર ટ્રેનોને આંશિક રીતે રદ કરવામાં આવી હતી અને 54ને ડાયવર્ટ કરવામાં આવી હતી.

# KOLKATA PROTESTS

કલકત્તામાં તાલીમાર્થી ડૉક્ટરના બળાત્કાર અને હત્યાનો વિરોધ કરી રહેલા જુનિયર ડૉક્ટર્સ ફોરમની સાથે બંગાળી ફિલ્મ ઉદ્યોગના કલાકારો પણ આ ન્યાય રેલીમાં જોડાય હતા અને સાથે રાતભર ચાલનારા ધરણાંમાં પણ ભાગ લીધો હતો. કોલકાતા શહેરના કોલેજ સ્ક્વેરમાં શરૂ થયેલી એકમેગા રેલીમાં, અપર્ણા સેન, સ્વસ્તિક મુખર્જી, સુદિપ્તા ચક્રવર્તી, ચૈતી ઘોસાલ, સોહિની સરકાર સહિતના કલાકારોએ તાલીમાર્થી ડૉક્ટર માટે ન્યાયની માંગણી સાથે સેન્ટ્રલ એવન્યુ તરફ કૂચ કરી હતી.

અભિનેત્રી સ્વસ્તિક મુખર્જીએ કહ્યું કે, વહીવટીતંત્ર એવું વિચારી શકે છે કે આગામી તહેવારોની શરૂ થતાં આ આંદોલન અટકશે, પરંતુ દુર્ગા પૂજા પછી, તે ફરીથી વધુ તીવ્રતાથી શરૂ કરવામાં આવશે. દક્ષિણ કોલકાતામાં, રામકૃષ્ણ મિશન શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ગોલપાર્કથી રવીન્દ્ર સદન એક્સાઈડ ક્રોસિંગ સુધી કૂચ કરી અને ન્યાયી, નિષ્પક્ષ તપાસ અને ગુનામાં સામેલ તમામની ધરપકડની માંગ કરી.

અન્ય એક રેલીમાં, સેન્ટ જોન્સ ડાયોસેસન ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલના વર્તમાન વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે આશરે 300 ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, AJC બોસ રોડ પર એક્સાઈડ ક્રોસિંગ પાસે માનવસાંકળ રચતા પહેલા મિન્ટો પાર્કથી સ્કૂલ કમ્પાઉન્ડ સુધી ચાલ્યા હતા.

# GST COLLECTION

ઓગસ્ટ મહિનામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જી.એસ.ટી)ની આવક 1.75 લાખ કરોડ રૂપિયા રહી, જે ગયા વર્ષના સમાન મહિનામાં 1.59 લાખ કરોડ રૂપિયાની સરખામણીમાં 10 ટકાનો વધારો દર્શાવે છે.

કેન્દ્ર સરકારે જી.એસ.ટી. મારફતે 30 હજાર 862 કરોડ રૂપિયા એકત્રિત કર્યા અને રાજ્યોએ રિફંડનીચુકવણી બાદ 38 હજાર 411 કરોડ રૂપિયા એકત્રિત કર્યા જયારે આયાત અને આંતર-રાજ્ય વેચાણ પર ઇન્ટિગ્રેટેડ GST (IGST) ની આવક 93 હજાર 621 કરોડ રૂપિયા હતું.

# KASHI VEDIC MUSEUM

ઉત્તરપ્રદેશ સરકાર, વારાણસીમાં વૈદિક-3ડી મ્યુઝિયમનું નિર્માણ કરશે. અદ્યતન આર્ટ મ્યુઝિયમ ભારતીય જ્યોતિષ, ખગોળશાસ્ત્ર અને વૈદિક સાહિત્યને સમર્પિત કરવામાં આવશે.

ગઈકાલે કાશીમાં યુનિવર્સિટીની તેમની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્રમાં આવેલી સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીના મુખ્ય બિલ્ડિંગમાં આ નવીન મ્યુઝિયમનું નિર્માણ કરવાની જાહેરાત કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# MEA-BANGLADESH-VISA.RTF

ભારતે છ બાંગ્લાદેશી વિદ્યાર્થી નેતાઓ પર વિઝા પ્રતિબંધ લગાવાયો હોવાના અહેવાલોને ભારતીય વિદેશ મંત્રાલયે નકારી કાઢ્યા છે. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, ભારત દ્વારા આવો કોઈ પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી.

નોંધનીય છે કે, બાંગ્લાદેશના 6 વિદ્યાર્થી નેતાઓના વિઝા પર ભારતે પ્રતિબંધ લગાવ્યો હોવાના અહેવાલો ખાનગી મીડિયા માધ્યમોમાં પ્રસારિત થયા બાદ સરકારે આ સ્પષ્ટતા કરી હતી.

# PIB-FACTCHECK

કૌશલ ભારત કુશલ ભારત યોજનામાં  નોંધણી ફી લઇ માનદ વેતનથી નોકરી આપવાના  માધ્યમોમાં પ્રસારિત થઇ રહેલા ખોટા અહેવાલો અંગે માહિતી અને પ્રસારણ વિભાગે સ્પષ્ટતા કરી છે.

મંત્રાલયે જણાવ્યું છે કે, સરકાર દ્વારા આવી કોઈ નિમણૂકની જાહેરાત કરાઈ નથી, તેથી આ યોજનામાં ગ્રાહક પ્રતિનિધિ તરીકે 28 હજારના માનદ વેતનથી નિમણુંક આપવાની અને નોંધણી પેટે રૂપિયા 1 હજાર 350 ની ફીસ લેવા સહિતની  બંને વાતો પાયાવિહોણી છે.

# PARALYMPICS

પેરાલિમ્પિક્સ 2024ના ચોથા દિવસે પણ ભારતીય રમતવીરોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન યથાવત રાખ્યું હતું. ટેબલ ટેનિસમાં ગુજરાતની ભાવિનાબેન પટેલે મેક્સીકન એથ્લેટ માર્થા વર્ડિનને હરાવી WS4 સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

ભારતીય એથ્લેટ નિષાદ કુમારે પુરુષોની ઊંચી કૂદ સ્પર્ધામાં રજતચંદ્રક મેડલ જીત્યો, જે સાથે ભારતે અત્યરસુધી એક સુવર્ણ, બે રજત અને ચાર કાંસ્ય સહીત કુલ સાત ચંદ્રકો પોતાના નામે કર્યા છે. પ્રીતિ પાલે મહિલાઓની 200 મીટર T35 સ્પર્ધામાં બીજો બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

મહિલા બેડમિન્ટનમાં મનીષા બ્રોન્ઝ મેડલ મેચમાં ડેનમાર્કની કેથરીન રોસેનગ્રેન સામે ટકરાશે. પુરુષ બેડમિન્ટનમાં નિતેશ કુમારે મેન્સ સિંગલ્સ SL3 ફાઇનલમાં પ્રવેશતાં સુવર્ણ ચંદ્રક જીતવાની આશા જીવંત બની છે. ફાઇનલમાં નિતેશનો મુકાબલો ગ્રેટ બ્રિટનના બેથેલ ડેનિયલ સાથે થશે.

બીજી તરફ, સુહાસ યથિરાજે ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઇનલમાં યથિરાજનો મુકાબલો લુકાસ મઝુર સાથે થશે જ્યારે સુકાંતનો મુકાબલો રજત ચંદ્રક માટે ઇન્ડોનેશિયાના ફ્રેડી સેટિયાવાન સાથે થશે.

# ABHAYSINGH SQUASH

મલેશિયામાં ચાલી રહેલી તુઆંકુ મુહરિઝ ટ્રોફી 2024 સ્ક્વોશમાં, ભારતના ચોથી સિડના અભય સિંહે તેનું દસમું PSA ટૂર ટાઇટલ જીતી લીધું છે.

ગઈકાલે મલેશિયાના સેરેમ્બનમાં રમાયેલી મેચમાં અભયસિંહે, હોંગકોંગના ટોચના ક્રમાંકિત ત્સ્ઝકવાન લાઉને 41 મિનિટમાં 7-11, 11-8, 12-10, 11-4 સાથે વિશ્વના અનુભવી પ્રતિસ્પર્ધીને 3-1થી હરાવી ને ટાઇટલ પોતાને નામ કર્યું.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે દેશના પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. હવામાન વિભાગએ જણાવ્યું કે વિદર્ભ પ્રદેશમાં આજે ભારે વરસાદ થવાની સંભાવના છે. એ સાથે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમ, તેલંગાણા, કર્ણાટક, રાયલસીમા, કેરળ અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં છૂટાછવાયા સ્થળો પર ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

ગુજરાત, મરાઠવાડા, પશ્ચિમ મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં પણ આજે ભારે વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગે જણાવ્યું કે ઉત્તર-પશ્ચિમ અરબી સમુદ્રમાં ચક્રવાતી તોફાન ASNA દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે આગળ વધતાં તોફાન ધીમે ધીમે નબળા પડીને ડિપ્રેશનમાં ફેરવાય તેવી શક્યતા છે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે

## મારા સહયોગી પ્રવેશ અડિએચા

- કૉમર્શિઅલ ગેસ સિલિન્ડરના ભાવમાં 39 રૂપિયાનો વધારો થયો – એ સમાચાર મોટાભાગના અખબારોએ પહેલા પાના પર લીધા છે.
- સંદેશ મુખ્ય હેડલાઈનમાં લખે છે, બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર દમન – 49 હિન્દુ શિક્ષકોને રાજીનામાની ફરજ પડાઈ
- સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ડી. વાય ચંદ્રચૂડના નિવેદનને ટાંકીને ફૂલછાબ લખે છે, પેન્ડિંગ કેસ ઘટાડવા નક્કર આયોજન
- શિવસેના UBTના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના નિવેદનને ટાંકીને ગુજરાત સમાચાર લખે છે, શિવાજીની પ્રતિમા ધરાશાયી – મહારાષ્ટ્રના આત્મા પર કારમો ઘા.
- આંધ્ર, તેલંગાણામાં ભારે વરસાદથી તારાજી, 12નાં મોત – આ સમાચારને નવગુજરાત સમયે મુખ્ય હેડલાઈનમાં લીધા છે.